| એંગલવૂડ હૉસ્પિટલ ઍન્ડ મેડિકલ સેન્ટર | | નં.: 400.36 |
|---|---|---|
| નીતિ અને કાર્યપ્રણાલીની પરિચય પુસ્તિકા - વિભાગ<br><br>વહીવટી અને સહાયક સેવાઓ | વિષય:<br><br>બિલિંગ અને વસૂલી નીતિ | તારીખ: 1/1/2016 |
| | | પાનું 1 કુલ 2 |
| | | નું સ્થાન લીધું: નવું |
| | | સમિક્ષા કરી: |

**નીતિ**

એંગલવૂડ હૉસ્પિટલ ઍન્ડ મેડિકલ સેન્ટર (ઈએચએમસી) બધા દર્દીઓને, પૈસા ચૂકવવાની તેમની ક્ષમતાને ધ્યાનમાં લીધા વગર તમામ તાત્કાલિક અને તબીબી રીતે જરૂરી સારવાર આપે છે. આ નીતિ માત્ર એંગલવૂડ હૉસ્પિટલ અને મેડિકલ સેન્ટરની તમામ બિલિંગ અને વસૂલી કાર્યવાહી માટે લાગુ થાય છે અને વ્યાવસાયિક સેવાઓ માટેની બિલિંગ અને વસૂલી કાર્યવાહી માટે લાગુ થતી નથી.

**કાર્યપ્રણાલી**

1) તમામ વિમાકૃત દર્દીઓના બિલો ઈએચએમસી દ્વારા સીધા દર્દીની વીમા કંપનીને મોકલવામાં આવશે. જો વીમા કંપની નીચેના કારણોસર અરજી નામંજૂર કરે તો: લાભો ખાતમ થઈ ગયા છે, પ્રયોગાત્મક, તબીબી જરૂરિયાત, પહેલાથી અસ્તિત્વમાં રહેલ સ્થિતિ, આવરી લેવામાં ના આવેલ ચાર્જિસ, વગેરે. તો દર્દીનું બિલ, નાણાકીય સહાય નીતિમાં દર્શાવ્યા મુજબ ઉપર #1 અનુસાર, કુલ બિલના વીમા કવચ વિનાના દરના કેટલાક ટકા સુધી ઘટાડવામાં આવશે.

2) જો દર્દીની વીમા કંપની દ્વારા દાવાની ચુકવણી કરવામાં આવે અને જો દર્દી પાસેથી કોઈ કપાતપાત્ર, સહ-પગાર અથવા સહ-વીમા રકમ નીકળતી હોય, તો ઈએચએમસી, વીમા કંપની દ્વારા દર્દીની જવાબદારી તરીકે ઓળખાવેલ રકમનું બિલ બનાવશે.

3) વીમા કવચ વિનાના દર્દીઓનું બિલ નાણાકીય સહાય નીતિમાં દર્શાવ્યા મુજબ કુલ બિલના કેટલાક ટકા સુધી ઘટાડવામાં આવે છે.

4) દર્દીઓને તેઓ જેના માટે જવાબદાર છે, તે રકમ માટે ઈએચએમસી તરફથી બિલિંગ સ્ટેટમેન્ટ અને વસૂલીના પત્રો મળશે. બિલિંગ સ્ટેટમેન્ટ અને વસૂલી પત્રોમાં નાણાકીય સહાય ઉપલબ્ધતાઅંગેની માહિતી સામેલ હોય છે.

5) નાણાકીય સલાહ વિભાગના કર્મચારીઓ, દર્દીની જવાબદારી હોય એવી $5,000 કે તેથી વધુ વણચૂકવેલ રકમ માટે ફોન પરથી દર્દીનો સંપર્ક કરવાનો પ્રયાસ કરશે. દર્દી સાથે વાત કરતી વખતે તેઓ નાણાકીય સહાયની ઉપલબ્ધતા અંગે જણાવશે. તમામ કૉલ્સ નાણાકીય પ્રણાલીની અંદર દસ્તાવેજીકૃત કરવામાં આવશે.

6) નાણાકીય સહાયની સાથે દર્દીઓને ચૂકવણીના પ્લાન આપવામાં આવશે. બાકીની રકમ માટે દર્દીઓ માસિક ચુકવણી કરી શકે છે. એક વર્ષના સમયગાળાના ચુકવણી પ્લાન મંજૂર કરવામાં આવશે. એક વર્ષથી ઉપરનો ચુકવણી પ્લાન નાણાકીય સલાહ વ્યવસ્થાપક દ્વારા મંજૂર કરાયેલ હોવો જરૂરી છે.

7) ઈએચએમસી ના વસૂલીના પ્રયાસો નિષ્ફળ નીવડ્યા બાદ, દર્દીઓ દ્વારા વણચૂકવાયેલ રકમ બાહ્ય વસૂલી એજન્સીઓને જણાવવામાં આવશે. વસૂલી એજન્સીઓ દર્દી પાસેથી ચુકવણી પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરશે. જો પૂરી ચુકવણી ના પ્રાપ્ત

થાય, તો વસૂલી એજન્સીઓ ટપાલ દ્વારા દર્દીને સૂચના આપશે કે તેઓ આયઆરએસ કલમ 501(r)માં જણાવ્યા મુજબ અસાધારણ વસૂલી કાર્યવાહી શરૂ કરી શકે છે, જેમાં ચુકાદાઓ દાખલ કરવા જેમાં વેતનમાંથી કપાત, બૅન્ક અકાઉંટ જપ્ત કરવા અને ન્યુ જર્સી રાજ્યમાં હોય તે માલિકીની સંપત્તિ પર બોજો મૂકવાનું સામેલ હશે. ઈસીએ શરૂ કરવાના ઓછામાં ઓછા 30 દિવસ પહેલા, વસૂલી એજન્સીઓએ દર્દીને લેખિત જાણ કરવી અનિવાર્ય છે. ઈએચએમસી દ્વારા ડિસ્ચાર્જ પછી મોકલાયેલ પહેલા બિલિંગ સ્ટેટમેન્ટ બાદ ઓછામાં ઓછા 120 દિવસ સુધી વસૂલી એજન્સીઓ ઈસીએ શરૂ કરશે નહીં.

8) બાહ્ય વસૂલી એજન્સીઓના બધા સંદર્ભો નાણાકીય સલાહ વ્યવસ્થાપક દ્વારા મંજૂર કરવામાં આવે છે.

9) ઈએચએમસી નાણાકીય સહાય માર્ગદર્શિકાઓ માટે નાણાકીય સહાય નીતિ જુઓ.

10) ઈએચએમસી ખાતે ન્યુ જર્સી હૉસ્પિટલ કેર પેમેન્ટ અસિસ્ટન્સ પ્રોગ્રામ / ચૅરિટી કેર દ્વારા મદદની અરજી કર્યા બાદની કાર્યપ્રણાલી જાણવા માટે ન્યુ જર્સી હૉસ્પિટલ કેર પેમેન્ટ અસિસ્ટન્સ પ્રોગ્રામ / ચૅરિટી કેર નીતિ જુઓ.

11) અરજી કરીને, નાણાકીય સલાહ વિભાગમાંથી આ નીતિ મેળવી શકાશે. આ નીતિ એંગલવૂડ હૉસ્પિટલ અને મેડિકલ સેન્ટરની વેબસાઈટ www.englewoodhealth.org પર પણ ઉપલબ્ધ છે.

| | દ્વારા મંજૂર: |
|---|---|
| | વૉરેન ગેલર, પ્રમુખ અને સીઈઓ |